# સત્સંગ વિહાર ચેલેન્જ

:: રજૂકર્તા ::
બી.એ.પી.એસ. બાળપ્રવૃત્તિ મધ્યસ્થ કાર્યાલય
અમદાવાદ

## પાઠ : ૨૦
## પતિવ્રતાની ટેક



# ૨૦. પતિવ્રતાની ટેક

ઉત્તર ગુજરાતમાં **વિજાપુર** ગામ છે. ત્યાં **વજીબા** રહેતાં હતાં. ઘરે જે કોઈ સાધુ-બાવા આવે તેમની તેઓ સેવા કરતાં હતાં. એકવાર પરમહંસ રામદાસ સ્વામી વિજાપુર પધાર્યા. તેમનું સાધુતાવાળું જીવન જોઈ વજીબા અને તેમના પતિ **નિષ્ઠાવાન્ સત્સંગી** થઈ ગયાં.

હવે ચલમ કે બીડી ફૂંકનાર, ગાંજો પીનાર કે રામકીઓ રાખનાર કોઈ **સાધુ-બાવા આવે, તો વજીબા ઉતારો આપતાં નહીં**. આ વાતની **શ્રીજી મહારાજને જાણ** થઈ, ત્યારે તેમણે વજીબાની **પરીક્ષા લેવાનું વિચાર્યું**. **બ્રહ્મચારીનો વેશ** ધારી તેઓ વિજાપુર આવ્યા. વજીબાના ઘરે જઈ કહે, 'અમે તીર્થવાસી છીએ. **એક રાત રહેવા દો.**' વજીબા કહે, 'જા જા, તારા જેવા ઢોંગી-ધુતારા ઘણા આવે છે. **કોઈ પાસે કલ્યાણ નથી.** તારેય કલ્યાણ કરવું હોય, તો સ્વામિનારાયણનો આશરો કર.'

શ્રીજી મહારાજ કહે, 'એ બાઈ ! તને કોઈએ ભરમાવી લાગે છે ! સ્વામિનારાયણ કાંઈ ભગવાન નથી. એ તો...' વાતને વચ્ચેથી જ અટકાવી વજીબા કહે, 'ખબરદાર એકપણ અક્ષર આગળ બોલ્યો છે તો ! તને ને તારા લબાચાને ક્યાંય ફેંકી દઈશ. **અમને સ્વામિનારાયણની પતિવ્રતાની ભક્તિ છે.**' વજીબાની નિષ્ઠા જોઈ શ્રીજી મહારાજ પણ આશ્ચર્ય પામી ગયા. પછી ધીરેથી કહે, 'મૈયા, અમે કાંઈ નહીં બોલીએ અને **કાંઈ નહીં માંગીએ**. ફક્ત એક રાત રહેવા દે.'

વજીબાને **દયા** આવી. તેઓ અંદર ગયાં. પણ થોડી જ વારે શ્રીજી મહારાજ કહે, 'મૈયા, **પલંગ આપ**.' વજીબા કહે, 'નથી.' શ્રીજી મહારાજ કહે, 'અંદરના બીજા **ઓરડામાં** રંગીન ઢોલિયો **છે** તે આપ.' વજીબાને નવાઈ લાગી કે બાવો અંદરની વાત કેમ જાણે છે ? પણ પછી તેમણે વિચાર કર્યો કે એવા તો ઘણા હોય, મારે શું ? એમ વિચારી વજીબાએ પલંગ આપ્યો. થોડીવારે શ્રીજી મહારાજે **ગોદડું** માંગ્યું. વજીબાએ 'ના' પાડી, તો કહે, '**અંદર** ગોદડાંની થોકડી છે. તેમાં વચ્ચે **નવું છે તે આપ**.'

એક પછી એક **ચમત્કાર**ના પ્રસંગો બનતા જતા હતા, **છતાં** વજીબાની **નિષ્ઠા જરાય ડગી નહીં**. વજીબા તો ગોદડું આપી દરવાજો બંધ કરી સૂઈ ગયાં. પણ આ શું ! અચાનક જ તેમને તેજ દેખાયું. આગ તો નથી લાગીને ! તે જોવા તેઓ બહાર આવ્યાં. અને જોયું કે બાવા બનેલા **શ્રીજી મહારાજનાં ચરણ લાંબાં થઈ છેક પીપળે અડ્યાં** હતાં ! અને જમણા **અંગૂઠામાંથી ઝળહળ તેજ** નીકળતું હતું ! આવો ચમત્કાર જોઈ કોનું મન ન ડગે ! પણ **વજીબાને** આ વાતની પણ **કાંઈ જ અસર ન થઈ !** તેઓ દરવાજો બંધ કરી આરામથી સૂઈ ગયાં.

બીજે દિવસે સવારે શ્રીજી મહારાજે ત્યાંથી વિદાય લીધી. **થોડા વખત પછી વજીબા ગઢડા** આવ્યાં. શ્રીજી મહારાજે તેમને જોયાં કે તરત જ બોલાવ્યાં ને પૂછ્યું, 'તમારા પીપળે અડ્યાં હતાં, તે આ જ ચરણારવિંદ કે બીજાં ?' વજીબા નવાઈ પામ્યાં અને **માફી** માંગવા લાગ્યાં, 'મહારાજ ! એ આપ હતા ?!' ત્યારે શ્રીજી મહારાજ કહે, '**તમે તો મારાં સાચાં ભક્ત છો.** અમે ખુદ ચમત્કાર કરી તમને ડગાવ્યાં તોય ડગ્યાં નહિ !'

**આવા હતા શ્રીજી મહારાજના ભક્તો !**

**પાક્કી પતિવ્રતાની ટેક. શ્રીજી મહારાજ સિવાય કોઈ ગમે તેવા ચમત્કાર દેખાડે, તોય તેમની નિષ્ઠા જરાય ડગે જ નહિ.** આપણેય આવા ભક્ત બનવાનું છે. આપણે ગળામાં પહેરેલી કંઠી આવા આશરાનું જ પ્રતીક છે.

■ **કંઠી અંગે પ્રશ્નોત્તરી**

**૧. કંઠી શા માટે ?**

**જવાબ :** કંઠી શરણાગતિ-**આશરાનું પ્રતીક** છે. 'હું ભગવાનનો છું. ભગવાન મારા છે.' એ ભાવ કંઠી દ્વારા દૃઢ થાય છે.

**૨. કંઠીમાં બે સેર શા માટે ?**

**જવાબ :** કંઠીની બે સેર **અક્ષર અને પુરુષોત્તમનું પ્રતીક** છે. જે અક્ષરરૂપ થઈ પુરુષોત્તમની ભક્તિ કરવાનો સિદ્ધાંત યાદ અપાવે છે.

**૩. કંઠી કોના દ્વારા પહેરવી જોઈએ ?**

**જવાબ :** સત્સંગી થનાર પુરુષ હોય, તો સ્વામીબાપા, સદ્‌ગુરુ સંતો કે અન્ય સંતો પાસેથી અને સ્ત્રી હોય તો વડીલ બહેનો પાસેથી વર્તમાન મંત્ર લઈ, કંઠી પહેરવી જોઈએ.

**૪. કંઠી તૂટે તો શું કરવું ?**

**જવાબ :** કંઠી તૂટે ત્યારે નવી કંઠી લઈ, સંતો દ્વારા કે ઘરમંદિરમાં પ્રસાદીની કરીને જાતે પહેરી શકાય. ઘરમાં ૨-૩ કંઠી રાખી મૂકવી જોઈએ.

સત્સંગ વિહાર ચેલેન્જ

# પાઠ : ૨૦
# પતિવ્રતાની ટેક

## ચેલેન્જ ૧ “ આરપાર ”

**જરૂરી સામગ્રી :** સ્ટીલનાં ગ્લાસ, ડોલ, ખુરશી, થાળી, ડોલ, ૩ ઓશીકા.

**કોણ જોડાશે :** તમે અને તમારા ભાઈબહેન.



**રીત :**
- સૌપ્રથમ બે ગ્લાસ હથેળી ઉપર મૂકવા.
  (ગ્લાસને પકડવા નહીં, હાથ ખુલ્લા રાખવા.)
- ત્યારબાદ ઘરના એક છેડેથી બીજા છેડા સુધી ચાલવાનું છે.
  પણ રસ્તામાં અવરોધ આવશે જેમ કે.......

૧. ખુરશી રાખવી અને તેના પર બેસવું, પછી ઉભા થઈ આગળ વધવું.
૨. પછી થાળી રાખવી તેની પ્રદક્ષિણા કરી આગળ વધવું.
૩. પછી ડોલ રાખવી તેની અંદર ઉભા રહી, બહાર નીકળી આગળ વધવું.
૪. પછી લાઈનમાં ૩ ઓશીકા મૂકવાં. તેના ઉપરથી કૂદીને આગળ વધવું.

- આવી રીતે એક છેડેથી બીજા છેડે પહોંચવું. જો રસ્તામાં ગ્લાસ પડી જાય તો આઉટ.

**મનન**



આ ચેલેન્જ પૂરી કરવા માટે હાથમાં રહેલો પ્યાલો ડગમગે નહીં, તેની આપણે કેટલી કાળજી લીધી ? તેમ વજીબાએ પણ મહારાજે બતાવેલા ચમત્કારોની વચ્ચે પણ નિષ્ઠા ડગે નહીં તે માટે સારધાર પ્રયત્ન કર્યો અને મહારાજની કસોટીમાંથી આરપાર પણ નીકળ્યા.

## “ ચાલો ઓળખી બતાવો ” ચેલેન્જ ૨

**જરૂરી સામગ્રી :** પેન, પેન્સિલ, લીંબુ, બટેટું, મરચું, બેટ, બોલ, બોટલ, ગ્લાસ, ચમચી, વાટકો.

**કોણ જોડાશે :** પરિવારના દરેક સભ્યો

**રીત :**
- રમત રમનાર વ્યક્તિને આંખે પાટો બાંધવો,
- ત્યારબાદ તેના હાથમાં એક પછી એક વસ્તુઓ મૂકવી,
- તે વસ્તુનો સ્પર્શ કરીને ઓળખી બતાવવી કે તે કઈ વસ્તુ છે.
- આમ, જે સભ્ય વધારે વસ્તુ ઓળખી બતાવે તે વિજેતા બનશે.



આપણે આંખે પાટા બાંધેલા હોવા છતાં વસ્તુને બરાબર ઓળખી શકીએ છીએ, કારણકે તેનો નિશ્ચય થઇ ગયો છે. તેમ આપણે મન, કર્મ, વચનથી અક્ષરપુરુષોત્તમની નિષ્ઠા દૃઢ કરવી અને પ્રગટ સત્પુરુષને મોક્ષનું દ્વાર સમજવું તેમાં પતિવ્રતાની ટેક રાખવી, તેમાં જો નિશ્ચય ડગે નહીં તો સ્વામી રાજી થઈ જાય.



**મનન**

પાઠ : ૨૦

# પતિવ્રતાની ટેક

સત્સંગ વિહાર ચેલેન્જ

## ચેલેન્જ ૩ — " ડબલ જોડકાં જોડો "

**જરૂરી સામગ્રી :** નોટ, પેન.

**કોણ જોડાશે :** તમે અને તમારા ભાઈબહેન.

**રીત :** ટેબલમાં જોડકાં આપેલ છે. તે જોડકાં જોડી, તે પ્રશ્નોના જવાબ નોટબુકમાં લખો.

| જવાબ : ૧ | પ્રશ્ન | જવાબ : ૨ |
|---|---|---|
| (અ) ઘરમાં ૨-૩ કંઠી રાખવી. | ૧. કંઠી શા માટે ? | (ચ) સ્ત્રીએ વડીલ બહેનો પાસેથી પહેરવી. |
| (બ) ભાઈઓએ સ્વામીબાપા, સદ્‌ગુરુ સંતો, કે અન્ય સંતો પાસેથી પહેરવી. | ૨. કંઠીમાં બે સેર શા માટે ? | (છ) નવી કંઠી લઈ સંતો કે ઘરમંદિરમાં પ્રસાદીની કરી જાતે પહેરી શકાય. |
| (ક) અક્ષર અને પુરુષોત્તમનું પ્રતીક. | ૩. કંઠી કોના દ્વારા પહેરવી ? | (જ) શરણાગતિ-આશરાનું પ્રતીક. |
| (ડ) હું ભગવાનનો છું, ભગવાન મારા છે. એ ભાવ કંઠી દ્વારા દૃઢ થાય. | ૪. કંઠી તૂટે તો શું કરવું ? | (ઝ) અક્ષરરૂપ થઈ પુરુષોત્તમની ભક્તિ કરવાનો સિદ્ધાંત યાદ અપાવે છે. |

- પાઠના અંતમાં આપેલ સવાલ - જવાબને નોટબુકમાં લખી અને પાક્કા કરવા.

**જવાબ : Click Here**

**બાળમિત્રો, તમે પાઠનું વાંચન પણ કરી લીધું અને એક્ટિવિટી દ્વારા તે પાઠની દૃઢતા પણ કરી લીધી. હવે, તૈયાર થઈ જાઓ આ પાઠની પરીક્ષા આપવા માટે. નીચે આપેલી લીંક દબાવો અને આ પાઠમાંથી પૂછાયેલા પ્રશ્નોના જવાબ આપો.**

**ગુજરાતી Click Here** | **English Click Here**

સત્સંગ વિહાર ચેલેન્જ

## પાઠ : ૨૦
# પતિવ્રતાની ટેક







બાળમિત્રો,

સત્સંગ વિહાર ચેલેન્જમાં આપે જે ચેલેન્જ પૂરી કરી તેનો ફોટોગ્રાફ પાડીને અમને મોકલી આપશો. હવે આગળના દિવસોમાં જે ચેલેન્જ આપને પ્રાપ્ત થશે તેમાં સિલેક્ટેડ ફોટોગ્રાફ્સ મૂકવામાં આવશે.

**ફોટાની અંદર જ તમારું નામ અને શહેરનું નામ અવશ્ય લખીને મોકલશો.**

નીચે આપેલ નંબર પર આપનો ફોટો Whatsapp કરશો.

9998999209

૧. ચેલેન્જ દીઠ એક જ ફોટોગ્રાફ મોકલશો.

૨. આજની ચેલેન્જ સિવાયની અન્ય બીજી કોઈ એક્ટિવિટી કે પ્રવૃત્તિના ફોટોગ્રાફ મોકલશો નહીં.

**જય સ્વામિનારાયણ**